# કામેશ્વરની વહેતી અણમોલ ક્ષણોમાં

**શ્રી નરેન્દ્રકુમાર મગનલાલ નાયક**
**સેક્રેટરી**
**શ્રી કામેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ, ગડત**
**તા.ગણદેવી**

॥ प्रसादे सर्व दुःखानाम् हानिः रस्योः उपजायते ॥

અર્થાત "પ્રસાદ યા પ્રસન્નતા મળે એટલે સઘળાં દુઃખોની હાનિ થઈ સમજો"

પ્રત્યેક માનવની આનંદપ્રાપ્તિ માટેની ખોજ આજીવન હોય છે. આ સાથે પ્રગતિશીલ, વિકાસલક્ષી, ઉન્નત જીવનને વધુ તેજોમય બનાવી માણવા, આપણને મળતી પ્રત્યેક ક્ષણને ગતિમાન રાખવાની આવશ્યકતા તો હોવાની પરંતુ એની ખાસ તકેદારી એ રાખવાની હોય છ કે- નિરંતર, "ભૂતકાળ અને ભવિષ્યકાળમાં વર્તમાનને લગીરે ભૂંસવો તો ન જ જોઈએ. એને સદા જાગૃત રાખવો પડશે!"- પછી તે જીવન ભલેને વ્યક્તિગત હોય કે સમાજજીવન!!

કવિ રસિકભાઈ રાવળ (લીંબડી) ની થોડીક પંક્તિઓ જોઈએ.

***"જ્ઞાન વિજ્ઞાનની ધૂરી જોડો,***
***સૂરતા સંયમની લઈ.***
***સદ્‌વિચારના બીજ લેજો,***
***અધ્યાત્મની ઓરણી લઈ!"***

આધ્યાત્મિક યાત્રા પથ પર વિચરી, વ્યક્તિ તણા તથા સમાજજીવનને પણ ધન્ય બનાવવા, આદિકાળથી, જગમાનવ સમૂહ પ્રયાસ કરતો રહ્યો છે. એ પ્રયાસમાં વિવિધ દેવાલયો પ્રાણ પૂરતાં હોય છે. ઠીક તે જ રીતે આપણા આ વિભાગમાં પણ, જનતાને સાચી ધાર્મિકતાસહ સત્કર્મો પ્રતિ ધ્યાનમગ્ન બનાવવા કાજ આપણા પૂર્વજોએ વિવિધ દેવાલયોની રચના કરી જ હતી!

જેના પ્રતિકરૂપે આપણા ગડત (તા.ગણદેવી, જિ.નવસારી) ગામમાં એક અતિ પૌરાણિક તથા ધાર્મિકતાનું અત્યંત મહત્ત્વ ધારણ કરનાર, પ્રસરાવનાર, સરોવર અને અનેક વટવૃક્ષોથી સુશોભિત, ભરચક લીલીછમ પ્રકૃતિ મધ્યે આવેલ એક શિવાલય આજે પણ ઉપસ્થિત છે! અને તે પણ દિવ્ય નાગમણિની જેમ પ્રકાશિત!

હાં- આધુનિક સ્થાપત્યકલાના નૂતન સ્વરૂપે!!

આ અલૌકિક તીર્થધામ અંગેની લગભગ તમામ માહિતી વિશે, રસિક ભક્તજનોને- આપની સમક્ષ રજૂ થતો આ પ્રથમ, નવલ "શિવ સમીપે" સમરણિકા અંક, ખૂબ જ માહિતિપ્રદ, રસપ્રદ થઈ પડશે એવી શ્રદ્ધા છે.

વિશ્વપ્રસિદ્ધ અંગ્રેજ સાહિત્યકાર શેક્સપિયરે એક વાર લખ્યું હતું-

"What is there in a name?!" એ વાત સાચી. એમની રીતે- એમના કહેવાના અર્થમાં! પરંતુ નામના મહત્ત્વનો ઈન્કાર પણ થઈ શકે ખરો? મહાન ઈશુ, બુદ્ધ, મહમદ સાહેબ પયગંબર, બાપુ,

વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, મધર ટેરેસા, અરે... રામ, કૃષ્ણ જેવાં નામો, કર્ણપટ પર ઝીલાતાં જ શું આપણે એક અનેરો રોમાંચ નથી અનુભવતા?

કોઈપણ વ્યક્તિ, તીર્થ,સમાજ કે રાષ્ટ્રની ઓળખ માટે જેનું-તેનું નામકરણ કરવામાં આવે જ છે. તે મુજબ આપણા આ વિભાગના અતિપુરાણા એવા આ શિવમંદિરને, પ્રાચીનકાળથી નામ અર્પવામાં આવ્યું છે, અને તે પણ એક નહીં, બે નહીં, પણ ત્રણ નામ!!!

''કામનાથ''----- ''ઈશ્વરીયું'' ----- ''કામેશ્વર''!

અહીંના આ દેવાલય-શિવાલયને લોકો ઉપરોક્ત નામે ઓળખતા હતા, પરંતુ આજે તો આપ સૌને વિદિત છે, કે એ જ ધામ ''કામેશ્વર'' નામથી ગુજરાત અને ગુજરાત બહાર પણ પ્રસિદ્ધ છે! અને પોતાના આધ્યાત્મિક, જ્ઞાનમય, સેવામય અનેક સોનેરી તેજોમય રશ્મિ અત્ર, તત્ર, સર્વત્ર પ્રસરાવી રહેલ છે!

ખરેખર આ ''કામેશ્વર''નામ, આપણા કર્ણપટ પર પડતાં જ આપણને રોમાંચિત કરે જ છે!

જડ કે ચેતન પર પડતી કાળની અસર ભારે પ્રબળ હોય છે. એ સનાતન સત્ય છે. એ પ્રમાણે હજારો...હજારો વર્ષોથી વહેતી આ કાળગંગાના પ્રચંડ પ્રવાહમાં, આ તીર્થમાં પણ સનાતન શિવતણા આ શિવાલયમાં, એના અનેક આકાર-પ્રકાર પરિવર્તન પામતા રહ્યા! આપણા પુનિત પૂર્વજો એ શિવાલયના દેહને અલગ અલગ રીતે, રૂપ-સ્વરૂપ અર્પણ કરતા રહ્યા હશે ને? અવશ્ય.

એ જ પ્રમાણે, આ વર્તમાન સમયમાં એ જીર્ણ થયેલ શિવાલયને પણ નૂતન-દેહ, અર્પવા અર્થાત્ એના જીર્ણોદ્ધાર માટે, આપણા આદરણીય વડીલોએ વારંવારના અનેક પ્રયાસો આદર્યા, પરંતુ એ કાર્ય, અકળ કારણોસર શક્ય નહીં બની શક્યું.

''પ્રભુઈચ્છા-પ્રભુની લીલા-બળવાન હોય છે!''- એક હિંદી ભાષી કવિ કહે છે- ''होनहार को (सर्जन–विसर्जनको) कौन रोक सकता?? ''

-----અને પરમ સ્નેહાળ પરમાત્મા, સર્વશક્તિમાન પૂજ્ય શંકરદાદાએ એક બળવાન-યુવાટીમનું સર્જન કર્યું!!

એ યુવાટીમ એટલે? આપણે જોઈએ-

એપ્રિલ ૨૦૦૩માં, શિવજીના આજીવન પ્રખર ઉપાસક, આધ્યાત્મિક તથા મેડિકલસેવામાં સતત કાર્યરત એવા, આ વિભાગના નામાંકિત ડૉક્ટર શ્રી ગિરીશભાઈ ગુલાબભાઈ નાયકના વડપણ હેઠળ- ''કામેશ્વર જીર્ણોદ્ધાર સમિતિની'' રચના કરવામાં આવી.

એ રચાયેલ સમિતિવેળાની ઘડીઓ ધન્ય ધન્ય થઈ ગઈ અને તે જ સમયે- જન્મ થયો... ''એક મહાનતમ ભવ્ય, દિવ્ય સોહામણા શિવાલય સર્જન તણા સુવર્ણ સ્વપ્નનો!''

સૌના હૃદય-મનને આ મધુર સ્વપ્ને પુલકિત કર્યા!

એ, અલૌકિક રમણીય સ્વપ્નને સાકાર કરવા, સૌએ કમર કસી, એક બની જઈ, આ વિરાટ નિર્માણકાર્યને સાકાર કરવા, વજ્રસમાન દૃઢ નિર્ધાર કર્યો!

પ્રથમ તો, એ શિવાલયના નવનિર્માણ અંગેનો પ્લાન બનાવવા માટે આપણા વિભાગના જ ગંધોર ગામના, નવયુવાન, ઉત્સાહી, સેવાભાવી, પ્રખર કર્મશીલ, યશસ્વી એવા આર્કિટેક્ટ, માનનીય

શ્રી કેયુરભાઈ સુમંતભાઈ નાયકની નિમણુંક કરી, પ્લાન તૈયાર કરાવી, પ્લાન મંજુર કરાવી એમનો અપૂર્વ સહકાર મેળવ્યો.

હવે આ ભગીરથ કાર્યના શ્રી ગણેશ થયા... ખાતમુહૂર્તવિધિ અર્થાત્ મંગલમય ભૂમિપૂજન વિધિથી!!

એ આનંદપ્રેરક યાદગાર, દિવ્યદિવસ એટલે- તા.૧૦-૧૨-૨૦૦૩!

''વિચાર, સુવિચાર, સ્વપ્નો, દિવાસ્વપ્નો માત્રથી કે બનાવેલ આકર્ષક પ્લાનને પેપર પર મૂકી દેવાથી જ કોઈપણ કલ્પિત આકાર-પ્રકારનું ચણતર ક્યારેય શક્ય બન્યું છે? એને માટે તો નક્કર તથા કઠોર પરિશ્રમ સમયદાન અને તન-મન-ધનની પ્રબળ તાકાતની સતત આવશ્યકતા હોય છે જ.

આ ઉપરોક્ત બાબતનો સતત મનમાં ખ્યાલ સાથે રાખીને જ રચાયેલ આ સમિતિ અને આ વિભાગના સજ્જનો, આર્થિક ભંડોળ ભેગું કરવા, ક્રમાનુસાર આ વિભાગના પ્રત્યેક વિસ્તારની મુલાકાત માટે નીકળી પડ્યા હતા. સ્વામી વિવેકાનંદે કહેલું- ''ઊઠો, જાગો અને ધ્યેય, પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડી પડો!'' - આ વિચારને સાર્થક કરવા-શક્ય સર્વ જગ્યાએથી દાન-મહાદાનનો સ્ત્રોત ઝીલવા તથા દેશ-વિદેશના શિવભક્તો સમક્ષ પણ ટહેલ નાખતા...નાખતા...પૂર્ણ કાર્યરત બની રહ્યા!

આ તમામ નિઃસ્વાર્થ કાર્યકરોનો અજોડ પરિશ્રમ, એમની પૂર્ણનિષ્ઠા, એમનામાં લોકોનો રહેલ અપૂર્વ વિશ્વાસ તથા પરમ પૂજ્ય કામેશ્વરદાદાના સતત મળતા રહેતા રહેલ આશીર્વાદ તણા પુનિત પ્રચંડ સ્ત્રોતમાં, વિશાળ ભક્ત સમુદાયનો પ્રચંડ આર્થિક દાનનો, દેવાલય ભવનના નિર્માણકાજ રૂા. ૧ કરોડ, ૪૦ લાખનો, અભૂતપૂર્વ સ્ત્રોત ભળતાં, એક નહીં કલ્પેલી ધનરાશિ અત્રે અવતરિત થઈ અને એનો અવિરત નાનો, મોટો પ્રવાહ યદ્યાપિ પર્યંત ચાલુ જ રહ્યો છે. શુભનિર્ધાર, શુદ્ધ મનોભાવ અને મહાન પ્રભુકૃપાનો આ તો ત્રિવેણીસંગમ!!!... એટલે જ ...

''જનતા તણો, આ આપણને પ્રાપ્ત થયેલ દાનનો ડુંગર!

''પ્રભુનો પ્રેમ અને માનવનું દૃઢ મનોબળ શું નહીં કરી શકે?!''

અને ??- પછી તો જોઈ લ્યો!!

ભગીરથ પ્રયત્નના પરિપાકરૂપે સર્જાયેલ કલાત્મક, ભવ્ય એવા આ મનોહર, આધ્યાત્મિક સ્થાપત્યનું મહાન સર્જન! અને માનવીય શુભ, શુભ્ર ભાવ તણો ભગવાને કરેલો આ નૂતન સ્વીકાર! આવકાર!!

આપણા ભાવિક વિભાગે, સુદીર્ઘકાળથી સેવેલ સોહામણું સ્વપ્ન સાકાર થયું!

વિનીત વિભાગ ધન્ય ધન્ય થઈ ગયો!

હવે- જીર્ણોદ્ધાર સમિતિમાં બંધારણ સમિતિ પ્રમુખ-ગડત ગામના એક આદર્શ શિક્ષક તથા નવસારી, વલસાડ જિલ્લા સહિત ઠેઠ હરિદ્વાર સુધી જેમણે જ્ઞાનપ્રચુર, આધ્યાત્મિક સુકીર્તિ પ્રાપ્ત કરી છે, એવા શાંત ગંભીર પ્રતિભાશાળી, હાલના ટ્રસ્ટીમંડળના પ્રમુખશ્રી પ્રેમાભાઈ લાલભાઈ પટેલના વડપણ હેઠળ, સંકુલનું બંધારણ ઘડવામાં આવ્યું.

ત્યારબાદ, સમય નજદિક આવ્યો, સર્જાયેલ આ નૂતન શિવાલય તણા વિધિપૂર્વક,

શાસ્ત્રોક્ત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને સુંદર રીતે ઉજવવાનો!

એ મનોહર, નયનરમ્ય અવસરના પ્રકાશમાન શુભદિનો હતા ૭,૮,૯-૨-૨૦૦૬!

આ આકર્ષક પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના પ્રમુખ (ટ્રસ્ટ બોર્ડના હાલના સેક્રેટરી) શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ નાયક તથા સહદંડકો શ્રી ચેતનભાઈ હરીભાઈ નાયક અને હાલના ટ્રસ્ટબોર્ડના સભ્ય શ્રી જીતેન્દ્રભાઈ કલ્યાણજી મિસ્ત્રીના વડપણ હેઠળ સમગ્ર ટીમે, યોજાનારા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું.

યોજાયેલ આ ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે, ધાર્મિકવિધિ માટે, રાષ્ટ્રપતિ સન્માનિત, સુરતના આચાર્ય શ્રી નીલકંઠભાઈ મહાશંકર શુક્લજી અને એમની કર્મકાંડ નિપૂણ ટીમે ત્રણેય દિનો માટે ખૂબ નિષ્ઠાપૂર્વક સેવા બજાવી. આ સાથે, લોકડાયરાનું પણ આકર્ષક આયોજન કરવામાં આવ્યું હતું, જેના પ્રાણસમાન, ધાર્મિકજ્ઞાનવિદ્ સંગીતકાર શ્રી નિરંજનભાઈ પંડ્યાજી અને એ ડાયરાને અત્યંત સફળ બનાવવા તત્પર વિવિધ આઈટમ નિષ્ણાંત સફળ ટીમ! એમણે સૌએ લોકહૃદય પર આનંદમય, રસિક કબ્જો જમાવ્યો હતો!

શિવાલય તણા આ પ્રાણપ્રતિષ્ઠાના શુભ અવસરે પધારેલ લગભગ ૪૦,૦૦૦ જેટલા ભક્તજનોએ મહાપ્રસાદ માણી, પૂજ્ય મહાદેવ શિવજી તણા ખૂબ ખૂબ આશીર્વાદ પામી ધન્ય થયા હતા.

વિશાળ એવા આ પ્રાકૃતિક, આધ્યાત્મિક, નવનિર્માણ પામેલ, અદ્યતન કામેશ્વર સંકુલમાં, હાથ ધરવામાં આવેલ, અનેકક્ષેત્રીય નવીન પ્રવૃત્તિઓ માટે, આયોજનપૂર્વકના સ્વચ્છ અને સફળ સંચાલન માટે એક સુંદર ટ્રસ્ટની રચના કરવામાં આવી, જે આજે પણ નિષ્ઠાપૂર્વક, ઉત્સાહપૂર્વક સતત કાર્યરત છે.

જીર્ણ શિવાલયના પુનઃનિર્માણનું લોકોનું સુવર્ણસ્વપ્ન તો સફળતાપૂર્વક પ્રભુકૃપાથી પાર પડ્યું!

પરંતુ એ સાથે જ, ઉપરોક્ત રચાયેલ ટ્રસ્ટની માહિતીપ્રચુર સદા વહેતી રહેતી, અનેક સદ્પ્રવૃત્તિના અત્રે ઉલ્લેખ સાથે, એ ટ્રસ્ટની ભાવિ નિર્માણ પામનાર સર્જનાત્મક અનેક યોજનાઓ પ્રતિ, હવે આપણે એ તરફ દૃષ્ટિપાત કરીશું...જોઈએ...

આ શિવાલયની તદ્દન નજદિક જ શાસ્ત્રોમાં જણાવ્યાનુંસાર તથા અન્ય તીર્થોને પણ પ્રેરણારૂપ, સાગી મજબૂત લાકડાંનો બનેલ, એવા એક ભવ્ય યજ્ઞમંડપની પણ રચના કરવામાં આવી છે, જનો લાભ અનેક ભક્તજનોએ અનેકવાર લીધો છે- લે છે.

શિવાલયના સામેના, પૂર્વના ચોગાનમાં, તળાવના કાંઠે ગ્રહ નક્ષત્ર અને રાશિવાટિકાનું પદ્ધતિસરની રચના મુજબ નિર્માણ કરવામાં આવ્યું છે, અને એ સાથે બાળકોના મનોરંજન કાજ, એક મઝાની ટોયટ્રેનમાં તથા પશ્ચિમ બાજુ તૈયાર થયેલ બાલ ક્રીડાંગણમાં તેઓ ખૂબ ખૂબ રમતિયાળ બની જઈ આનંદ લૂંટવામાં લીન થઈ જાય છે.

આપ જાણો જ છો કે કોઈપણ પવિત્ર તીર્થધામમાં પૂજા-અર્ચના, પ્રાર્થના અને જલાભિષેક

માટે, પવિત્ર જળની આવશ્યકતા હોય છે અને એ જળની પ્રાચીન કાળથી અહીંનો કૂવો, જરૂરિયાત સંતોષતો આવ્યો છે! તે મુજબ અત્રે એક અતિપ્રાચીન કૂવાનું અસ્તિત્વ છે જે જીર્ણ હાલતમાં હોવાથી, તેને વ્યવસ્થિત રીતે રીપેર કરી એને આધુનિક ઓપ આપવામાં આવેલ છે.

હવે રજૂ થાય છે એક વાત-ટ્રસ્ટના, એક બીજા ભવ્ય ભગીરથ સોપાનની!!

નવલ શિવાલય, નવલ યજ્ઞમંડપની સાથે જ, કંડારાયેલ આધુનિક સુશોભિત સત્સંગ ભવન, ત્રિમૂર્તિની જેમ જ શોભા અર્પતું એક નવલ, આકર્ષક, આલિશાન, ભવ્યત્તમ, રૂા. પોણા બે કરોડના ખર્ચે, આધુનિક સત્સંગ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે!! જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર એક વિશાળ હોલ તૈયાર કરવામાં આવ્યો છે, જેની અંદર નાના-મોટા સત્સંગ અવસર, વિવિધ સભા અને કોઈપણ સામાજિક પ્રસંગો કુશળતાથી, મોકળાશથી પ્રયોજી શકાય છે! અને એ હોલની ઉપર આધુનિક તમામ સાધન સુવિધાથી સજ્જ એવા, અનેક હવા ઉજાશવાળા રૂમો બનાવવામાં આવ્યા છે, જેમાં દેશ-વિદેશના અનેક ભક્તો-યાત્રીઓને એમના અત્રેના રોકાણ દરમિયાન વિના તકલીફે તમામ સગવડો ઉપલબ્ધ હોવાથી, પૂર્ણ સુવિધા પ્રાપ્ત થઈ શકે છે! હાં, એ બધું તો ખરૂં જ પણ સામાજિક કોઈપણ અવસરે, એક વિશાળ રસોડા માટે પણ આવશ્યક સાધનોની, તમામ પ્રકારની સાધન સામગ્રી, તાત્કાલિક ધોરણે મળી રહે છે, જેથી એ પ્રસંગોએ જરૂરી એવું એક પણ સાધન, બહારથી લાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી!

આ પણ એક સમાજસેવા જ થઈને?!

એક બીજા પણ આનંદપ્રેરક સમાચાર આ રહ્યા.

સરકારશ્રી સાથે વારંવાર આત્મીય જરૂરી સંપર્ક સાધી, આ કામેશ્વર સંકુલની ''પ્રવાસધામ'' માટેની સ્વીકૃતિ પણ મેળવવામા આવી છે. જેના થકી મળેલ ગ્રાન્ટના નાણાંમાંથી પાસે જ આવેલ તળાવનું ડેવલપમેન્ટ કરવાનું શક્ય બન્યું છે. તદુપરાંત ગુજરાત રાજ્યના મંત્રીશ્રી મંગુભાઈ પટેલ સાહેબ, રાજ્યસભાના સાંસદશ્રી કાનજીભાઈ પટેલ સાહેબ, સંસદસભ્ય શ્રી સી. આર. પાટીલ સાહેબ, ગણદેવીના ધારાસભ્ય શ્રી લક્ષ્મણભાઈ પટેલ, ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમના શ્રી દિનેશભાઈ દાસા, નવસારી જિલ્લા વિકાસ અધિકારી શ્રી સત્યા સાહેબ તથા લાગતા વળગતા તમામ અધિકારીશ્રીઓની આ તીર્થક્ષેત્રમાં મંગલ અવસરે શુભ પધરામણીથી આ ભૂમિ ધન્યતા અનુભવે છે અને સરકારશ્રી તરફથી પ્રાપ્ત થયેલ ઉપકારક સહકારથી કાર્યકર્તાનો ઉત્સાહ વધ્યો છે. માનનીય સરકારશ્રીનો હાર્દિક આભાર.

બ્લોક નંબર ૪૦૫માં પાર્કીંગનું આયોજન કરી વૃક્ષારોપણ કર્યું છે. જેમ જેમ આ સંકુલનો વિકાસમાં વધારો થતો ગયો, તેમ તેની સાથે વધુ જગ્યાની પણ, તે સાથે જ જરૂરિયાત ઊભી થતી ગઈ. એ માટે સંકુલ સાથે સંલગ્ન એવી સવા બે વીઘાંની આંબાવાડી તથા પશ્ચિમે આવેલ નવગ્રહમંદિર પાછળ, ૨૩ (ત્રેવીસ) ગુંઠાની ચીકુવાડીની જમીન પણ વેચાણથી લીધી છે! અને તેની પૂરેપૂરી કિંમત પણ ભરપાઈ કરવામાં આવી છે.

અન્ય ખુશીની હકીકત એ પણ છે કે, આ તીર્થભૂમિમાં પધારનારા અસંખ્ય દૂરના

યાત્રીજનોની વિશેષ સગવડ સંતોષવા માટે, એક કેન્ટીનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેમાં યાત્રીઓને ચા-કોફી-નાસ્તા-પાણી તથા ઓર્ડર મુજબ જમવાની પણ સગવડ મળી રહે છે!

''ટ્રસ્ટની આગામી અન્ય આ અનેરી ભાવિ યોજનાથી, કામેશ્વર સંકુલની કીર્તિમાં એક યશસ્વી એવી વિશાળ સુવર્ણપિચ્છનો ઉમેરો થશે!''

પશ્ચિમ બાજુના તળાવની બરાબર મધ્યમાં એક સૌને પસંદ એવો ''ચિત્તાકર્ષક આઈલેન્ડનું નિર્માણ કરવામાં આવ્યું છે!'' તેમાં ૧૪ ફૂટની ઊંચાઈની બેઠકના હોલમાં, એક પુસ્તકાલયની રચના કરવામાં આવશે! બેઠક પાછળના ભાગમાં, વક્રાકારે ગુફાના નિર્માણમાં, ૧૨ જ્યોર્તિલીંગ તથા શિવ પરિવારની મૂર્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે આ તૈયાર કરવામાં આવેલ છે, એ બેઠક પર ભોલેનાથ શિવજીની ૭૨ ફૂટ ઊંચાઈવાળી સમાધિસ્થ અવસ્થામાં ભવ્યત્તમ મૂર્તિનું નિર્માણ કરવામાં આવશે! આમ આ શિવસરોવર ધાર્મિકતા અને પ્રાકૃતિક સૌંદર્યથી સોળે કળાએ ખીલી ઊઠશે!!

''જે એક- આ સંકુલનું નયનરમ્ય આકર્ષણ તરીકે દીપી ઊઠશે!''

ભૌતિક સમૃદ્ધિથી છલકાતા આ વર્તમાન માનવે, ચિંતિત, વિક્ષિપ્ત, અવસ્થામાં સદા સ્ટ્રેશ અનુભવતાં અનુભવતાં માનસિક શાંતિ લગભગ ગુમાવી દીધી છે. એક કવિ જણાવે છે...

''મધુવનમાં માધવ ક્યાંય નથી!''- એનું સ્મરણ થતાં જ કહેવાનું મન થઈ આવે છે....

''આ સ્ટ્રેશયુગમાં શાંતિ ક્યાંય નથી!''- તેથી મનને શાંતિથી સીંચી દેવા ઈજિપ્તના પ્રાચીન પિરામીડોની વિચારસરણી મુજબ, પરમ શાંતિ અને સાથે સાથે આધ્યાત્મિકતા પણ પ્રાપ્ત કરવા, અત્રે એક ''પિરામીડ ધ્યાન કેન્દ્ર'' ની ઈમારતનું પણ સર્જન કરવામાં આવશે!!

પ્રતિ વર્ષ મહા સુદ ૧૦ ને શુભ દિને, પાટોત્સવની સુંદર ઉજવણી મહાપ્રસાદ સાથે કરવામાં આવે છે.

સર્વ ભાવિકજનોને, એ જાણીને પણ અતિઆનંદ થશે, કે પૂજ્ય ગીતાબાના વડપણ હેઠળ શિવકથા તથા પૂજ્ય લાલન પાંડેજી, કાશી વિદ્યાપીઠ સંસ્કૃત વિદ્યાલયના આચાર્યશ્રીના વડપણ હેઠળ, એક મહારૂદ્રનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. એ સાથે પ્રતિવર્ષ લઘુરૂદ્રનું આયોજન પણ કરવામાં આવે છે. પ્રતિવર્ષ મહાશિવરાત્રીના મેળામાં અને ઘીના કમળના દર્શન કાજ હજારો ભક્તો અત્રે પધારીને ધન્યતા અનુભવતા હોય છે! તથા શ્રાવણમાસમાં પણ ખૂબ દૂરથી પણ અનેક શિવભક્તો અત્રે ઊમટી, આ પાવનકારી કામેશ્વર તીર્થને ભક્તિ રસથી તરબોળ કરી દઈ, સંકુલના યશમાં અભિવૃદ્ધિ કરતા નિહાળવા મળે છે!

''સામૂહિક સત્યનારાયણ વ્રતકથા તથા ભાદરવા માસમાં શ્રાદ્ધ દીપયજ્ઞ પણ દર વર્ષે યોજાય છે.''

આ કામેશ્વર ટ્રસ્ટે આરોગ્યનિધિ ફંડનો પણ આરંભ કરેલ છે. ''સ્વ.રમણલાલ મગનલાલ મિસ્ત્રી આરોગ્ય નિધિ ફંડમાં'' તેમની પત્ની ગં.સ્વ. પાર્વતીબેન આર. મિસ્ત્રી તથા એમના પુત્ર શ્રી રાજેન્દ્રકુમાર આર. મિસ્ત્રી તરફથી મળેલ રૂા.૨૫ લાખની માતબર રકમમાંથી આ જનોપયોગી ફંડની શરૂઆત થઈ અને એમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી

છે. ઉપરોક્ત મિસ્ત્રી ફેમીલીને શતઃ શતઃ ધન્યવાદ!!

મળેલ ઉપરોક્ત ફંડના વ્યાજમાંથી ''બ્લડ ડોનેશન કેમ્પ-નેત્રયજ્ઞ-મોતિયાનું ઓપરેશન અને મફત ચશ્મા વિતરણ-કેલ્શ્યમ ટેસ્ટ- ''એક્યુપ્રેશર કેમ્પ'' તથા ''પંચકર્મ'' અને ગોરજના કેન્સર ઈન્સ્ટિટ્યુટ દ્વારા, મહિલાઓ માટે ''પેપ ટેસ્ટ'' દ્વારા કેન્સર નિદાન કેમ્પ જેવી સૌને ઉપયોગી એવી આરોગ્યપ્રદ સેવાકીય પ્રવૃત્તિઓનું પણ સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં વિભાગના કેટલાયે લોકોએ ખૂબ જ રસપૂર્વક ભાગ લઈ, કૃતજ્ઞતાની ભીની ભીની લાગણી પ્રગટ કરી હતી!

''માનવ સેવા એ જ પ્રભુ સેવા'' - સૂત્રને સદા સાર્થક કરવામાં આ ટ્રસ્ટ સક્રિય રહે છે.

આ પ્રકારની અન્ય લોકસેવાકાજ, સંકુલની વિકાસયાત્રાના એક વધુ સોપાન સર કરવા, પ્રયાણ કરતાં... કરતાં ''શિક્ષણ ફંડ'' નો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે માનનીય પ્રોફેસરશ્રી ઠાકર સાહેબના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગમાં ધોરણ ૧૨ પછી ''કારકીર્દી માર્ગદર્શન કેમ્પ'' પણ યોજવામાં આવ્યો હતો. અને આ સાથે જણાવતાં ખૂબ જ હર્ષ થાય છે, કે શિક્ષણ સેવા તણા આ અભિયાનને હવે પછી વધુ વેગ આપવાના પ્રયત્નો ચાલુ છે!

કોલેજ તથા શાળાના યુવક-યુવતીઓ તણા ''NSS'' કેમ્પ પણ અહીં ગોઠવવામાં આવ્યા છે. અનુકૂળતા અનુસાર ''રોટરી ક્લબ ઓફ ગણદેવી'' ના વિવિધ વિષયના કાર્યક્રમો પણ આ સંકુલના આંગણે પ્રયોજાય છે, જે આ સંકુલ માટે, તાલુકાની ગતિશીલ-પ્રગતિશીલ પ્રવૃત્તિઓ માટે ગૌરવરૂપ ગણી શકાય!!

વર્તમાન સમયમાં જેણે ગગનગામી, સર્વક્ષેત્રે વિકાસ સાધ્યો છે એવી પ્રસિધ્ધ સુરત મહાનગરીમાં, સંકુલનો પ્રચાર-પ્રસાર થાય અને જરૂરી ફંડ એકત્ર કરવાના હેતુસર ત્યાંના વિશાળ ઈન્ડોર સ્ટેડિયમમાં મશહૂર સંગીતજ્ઞ ઓસમાણ મીરનો ભવ્ય ડાયરાના સંગમાં એક અત્યંત સફળ કાર્યક્રમ યોજ્યો હતો! જેને સુરતની વિશાળ મનોરંજનપ્રિય જનતાએ માણ્યો હતો અને એ ''બિલ્વપત્ર'' કાર્યક્રમને અભૂતપૂર્વ દાનની સરવાણીથી જનતાએ છલકાવ્યો હતો, જેનો આ ટ્રસ્ટ હાર્દિક આભાર માને છે.

વર્તમાન સમયમાં ૨૮-૦૪-૨૦૧૩ ના પાવનકારી દિવસે ઉજવાયેલ વિભાગના ૨૨ (બાવીસ) કર્મયોગીઓ તણો, નયનરમ્ય સમારોહની અનેરી સુવર્ણ ક્ષણોનો, કામેશ્વરસંકુલનો કીર્તિતાજ રજૂ કરતાં મન તૃપ્તિ અનુભવે છે! આ સમારોહની એક ભીતરી વાત કરવી છે જે આવકારદાયક અને આવશ્યક પણ છે જ.

સમારોહને પ્રયોજવાનું શ્રેય ગડતના યુવાન પ્રગતિશીલ-કાર્યશીલ ડૉ.રાજેન્દ્રભાઈ મગનલાલ પરાગજી નાયકને ફાળે જાય છે. એમનું જ લાંબા સમયનું પ્રથમ સૂચન અને ઠેઠ સુધીના એમના અથાગ પ્રયત્નો, કોર સમિતિ, ટ્રસ્ટ અને વિભાગના સજ્જન વડીલોના સહકારથી સફળ થયા એ પણ એક વિરલ ઘટના બની જેમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. એમને ધન્યવાદ-અભિનંદન.

આ પ્રકારનો સન્માન સમારોહ વિભાગમાં સૌપ્રથમ છે- પણ અંતિમ નથી.

આ સમારોહને જ્વલંત સફળતા અર્પવામાં બે થી ત્રણ માસ સુધી સતત કાર્યમગ્ન બની જે એ સમારોહ માટે બનાવેલી કોરસમિતિએ સુદીર્ઘ, અપ્રતિમ, હૃદયપૂર્વક, સતત યોગદાન આપ્યું તેનું વર્ણન કરવા હું નિઃશબ્દ છું.

આ સમિતિના સમગ્ર સદસ્યો નીચે મુજબ છે. (૧) ટ્રસ્ટ પ્રમુખ શ્રી પ્રેમાભાઈ એલ. પટેલ (૨) ટ્રસ્ટ ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ મિસ્ત્રી (૩) ટ્રસ્ટ સેક્રેટરી શ્રી નરેન્દ્રભાઈ નાયક (૪) ટ્રસ્ટ ખજાનચી શ્રી ઈશ્વરભાઈ નાયક (૫) ટ્રસ્ટી શ્રી ખુશાલભાઈ પ્રજાપતિ (૬) ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ પટેલ (૭) ટ્રસ્ટી શ્રી પ્રિયવદન વૈદ્ય (૮) શ્રી ભરતભાઈ આઈ. નાયક (માણેકપોર) (૯) કવિ ડૉ. શ્રી અબ્બાસઅલી તાઈ (૧૦) કોલેજ પ્રિન્સીપાલ ડૉ. શ્રી વિક્રમભાઈ બી. દેસાઈ (સાલેજ) (૧૧) ડૉ. નાથુભાઈ એલ. પટેલ (ગડત) (૧૨) શ્રી અજયભાઈ ટી. નાયક (ખખવાડા) (૧૩) નિવૃત્ત હાઈસ્કૂલ પ્રિન્સીપાલ શ્રી જયંતિભાઈ ડી. નાયક (ઈચ્છાપોર) (૧૪) શ્રી ભીમભાઈ પી. નાયક (ઈચ્છાપોર) (૧૫) ડૉ. રાજેન્દ્રકુમાર એમ. નાયક (ગડત)

અતિ પ્રાચીન કાળથી... આ કામેશ્વર પુનિત તપોવનમાં સદા વહેતી રહેતી... અણમોલ અગણિત ક્ષણોમાંથી કેટલીક વીણેલી પ્રકાશમાન ક્ષણોને, ઉજાગર કરવાના શક્ય યથાર્થ વિનમ્ર પ્રયાસમાં, આ દિવ્યધામમાં વહેનારી આગામી કલ્પનાતીત અગણિત ક્ષણોને વધુને વધુ પ્રકાશમાન બનાવવા, મનોમય એક જ્યોતિમય અભિલાષા રજૂ કરવાની અત્યંત પ્રફુલ્લિત ક્ષણોમાં કિંચિત્.....!

કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિસમૂહ-સંકુલ કે મહાન સંસ્થાઓનું કલ્યાણ, પ્રભુપ્રીતિ, ભક્તિ અને એ દ્વારા નિરંતર ઉત્પન્ન થતી અથવા... રીચાર્જ થતી રહેતી, સર્જનાત્મક અતિશય શક્તિથી જ થઈ શકે છે, એનું આપણે આ મહાન કામેશ્વર સંકુલ વિકાસના, ઉદાહરણરૂપે, કલ્યાણકારક વાસ્તવિક દર્શન કર્યું!!!

પરંતુ એ બાબતે, એક ખાસ વાત સૌએ સતત ખ્યાલમાં રાખી પડશે-

ભક્તિ માટે- જાતિનું કોઈ મહત્ત્વ નથી,

નિષાદરાજ, શબરી, સદન કસાઈ, હિન્દી ભાષાના મુસલમાન સૂરકવિ રસખાન!

ભક્તિ માટે- વિદ્યાની જરૂર હોય જ છે, એવું પણ નથી જણાતું,

ધ્રુવ, ગોપીઓ, શબરી!!

ભક્તિ માટે રૂપની આવશ્યકતા પણ નથી,

વિભિષણ કદરૂપો રાક્ષસ હતો, હનુમાનજી-સુગ્રીવ વાનર હતા!!!

અને છેલ્લે-

ધ્યાનનું એક સ્વરૂપ એ પણ છે કે, આપણે ફરીથી જન્મ લેવાનું ધ્યાન ધરીએ

'' To be born again!''

આ પ્રક્રિયા છે. વિગતને ભુલાવીને હોશપૂર્વક વ્યક્તિત્વને શણગારવું. મહાપુરુષોના વિચાર-આચારમાંથી જ આપણા વ્યક્તિત્વમાં ભરાયેલ કચરા-પૂંજાને હટાવી શકીશું! (''હરિશ્ચંદ્ર'' નાટકે, પેલા પોરબંદરવાળા મોહનદાસ કરમચંદ ગાંધીના ભાવિ જીવનને, નવો મોડ અર્પ્યો હતો જ ને?!')

એ માટે-----

હે! પરમ શિવતત્ત્વ અમને સૌને, સુવિચાર, સદાચાર અને માનવ સેવા કાજ ભક્તિ અને શક્તિ અર્પો!

જય કામેશ્વર

# શ્રી કામેશ્વર મહાદેવ મંદિર જીર્ણોદ્ધાર સમિતિ, ગડત

| ક્રમ | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | ડૉ. ગીરીશભાઈ જી. નાયક | પ્રમુખશ્રી | ગડત |
| ૨ | શ્રી નરેન્દ્રભાઈ એમ. નાયક | ઉપપ્રમુખશ્રી | ગડત |
| ૩ | શ્રી પ્રેમાભાઈ એલ. પટેલ | ઉપપ્રમુખશ્રી | ગડત |
| ૪ | શ્રી દિપકભાઈ ડી. નાયક | મંત્રીશ્રી | ગડત |
| ૫ | શ્રી દિનેશચંદ્ર સી. નાયક | મંત્રીશ્રી | ગડત |
| ૬ | શ્રી સોમાભાઈ બી. ઢીમ્મર | ખજાનચી | ગડત |
| ૭ | શ્રી નિલેશભાઈ એ. દેસાઈ | ખજાનચી | ગડત |
| ૮ | શ્રી ઈસ્માઈલ કાસમભાઈ શેખ | સભ્યશ્રી | ગડત |
| ૯ | શ્રી બિપિનભાઈ નાથુભાઈ નાયક | ,, | ગડત |
| ૧૦ | શ્રી રમેશભાઈ રવજીભાઈ હળપતિ | ,, | ગડત |
| ૧૧ | શ્રી ઈશ્વરભાઈ ગોપાળભાઈ આહિર | ,, | ગડત |
| ૧૨ | શ્રી હિતેન્દ્રભાઈ કલ્યાણજી મિસ્ત્રી | ,, | ગડત |
| ૧૩ | શ્રી પંકજભાઈ ઠાકોરલાલ વૈદ્ય | ,, | ગડત |
| ૧૪ | શ્રી રાકેશભાઈ રમણલાલ નાયક | ,, | ગડત |
| ૧૫ | શ્રી હેમંતભાઈ દલપતભાઈ રાઠોડ | ,, | ગડત |
| ૧૬ | શ્રી ભરતભાઈ ઠાકોરલાલ વૈદ્ય | ,, | ગડત |
| ૧૭ | શ્રી ચેતનભાઈ હરીભાઈ નાયક | ,, | ગડત |
| ૧૮ | શ્રી અમ્રતભાલ ખંડુભાઈ નાયક | ,, | ગડત |
| ૧૯ | શ્રી નરેન્દ્રભાઈ નાથુભાઈ નાયક | ,, | ગડત |
| ૨૦ | શ્રી મહેન્દ્રકુમાર દલપતરામ ભટ્ટ | ,, | ગડત |
| ૨૧ | શ્રી જશુભાઈ મગનલાલ નાયક | ,, | ગડત |
| ૨૨ | શ્રી સુમંતરાય નાનુભાઈ નાયક | ,, | ગડત |
| ૨૩ | શ્રી અજયભાઈ જશવંતરાય નાયક | ,, | ગડત |
| ૨૪ | શ્રી દિલીપભાઈ છગનલાલ નાયક | ,, | ગડત |
| ૨૫ | શ્રી નરેશચંદ્ર ભૂપેન્દ્રભાઈ પુરોહિત | ,, | ગડત |
| ૨૬ | શ્રી દિપકભાઈ મગનલાલ નાયક | ,, | ગડત |
| ૨૭ | શ્રી ડાહ્યાભાઈ લાલભાઈ આહિર | ,, | ગડત |
| ૨૮ | શ્રી નાથુભાઈ લલ્લુભાઈ પટેલ | ,, | ગડત |
| ૨૯ | શ્રી વલ્લભભાઈ સોમાભાઈ મિસ્ત્રી | ,, | ગડત |
| ૩૦ | શ્રી ખુશાલભાઈ જીવણજી લાડ | ,, | ગડત |
| ૩૧ | શ્રી ધીરૂભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી | ,, | ગડત |
| ૩૨ | શ્રી રમેશભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી | ,, | ગડત |
| ૩૩ | શ્રી સુરેશભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી | ,, | ગડત |
| ૩૪ | શ્રી રમણભાઈ ગોપાળજી પટેલ | ,, | ગડત |
| ૩૫ | શ્રી મહેન્દ્રભાઈ રતનજી પટેલ | ,, | ગડત |
| ૩૬ | શ્રી છગનભાઈ વસનજી પટેલ | ,, | ગડત |
| ૩૭ | શ્રી મહેન્દ્રભાઈ રામભાઈ પટેલ | ,, | ગડત |
| ૩૮ | શ્રી છગનભાઈ જગાભાઈ પટેલ | ,, | ગડત |
| ૩૯ | શ્રી છગનભાઈ પ્રેમાભાઈ પટેલ | ,, | ગડત |
| ૪૦ | શ્રી નટુભાઈ નગીનદાસ ટેલર | ,, | ગડત |
| ૪૧ | શ્રી બળવંતરાય ભીખાભાઈ પટેલ | ,, | ગડત |
| ૪૨ | શ્રી જયેશભાઈ વલ્લભભાઈ પટેલ | ,, | ગડત |
| ૪૩ | શ્રી કિશોરભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી | ,, | ગડત |
| ૪૪ | શ્રી નાથુભાઈ છીમાભાઈ નાયક | ,, | ગડત |
| ૪૫ | શ્રીમતી બીનાબેન ઈશ્વરભાઈ નાયક | ,, | ગડત |
| ૪૬ | શ્રીમતી ગીતાબેન નરેન્દ્રભાઈ નાયક | ,, | ગડત |
| ૪૭ | શ્રીમતી હંસાબેન પંકજભાઈ વૈદ્ય | ,, | ગડત |
| ૪૮ | શ્રીમતી શોભનાબેન સંપતરાય નાયક | ,, | ગડત |
| ૪૯ | શ્રીમતી માયાબેન મુકેશભાઈ નાયક | ,, | ગડત |
| ૫૦ | શ્રીમતી ઊર્મિલાબેન નાથુભાઈ પટેલ | ,, | ગડત |
| ૫૧ | શ્રીમતી ભાનુબેન દયારામ મિસ્ત્રી | ,, | ગડત |
| ૫૨ | શ્રીમતી અનિતાબેન ખંડુભાઈ પટેલ | ,, | ગડત |
| ૫૩ | શ્રીમતી સવિતાબેન ધીરૂભાઈ આહિર | ,, | ગડત |
| ૫૪ | શ્રીમતી જશુબેન સોમાભાઈ હળપતિ | ,, | ગડત |
| ૫૫ | શ્રીમતી પ્રીતિબેન કાંતુભાઈ નાયક | ,, | ગડત |
| ૫૬ | શ્રીમતી ઈલાબેન બિપિનચંદ્ર નાયક | ,, | ગડત |
| ૫૭ | શ્રી ભગુભાઈ મંગાભાઈ હળપતિ | ,, | ગડત |
| ૫૮ | શ્રી બચુભાઈ ભાણાભાઈ હળપતિ | ,, | ગડત |
| ૫૯ | શ્રી સતીષચંદ્ર મોઘાભાઈ નાયક | ,, | ગડત |
| ૬૦ | શ્રી ડૉ. સુભાષચંદ્ર જયંતિલાલ ભટ્ટ | ,, | ગડત |
| ૬૧ | શ્રી પ્રવિણભાઈ ઠાકોરભાઈ વૈદ્ય | ,, | ગડત |
| ૬૨ | શ્રી અનિલભાઈ ધીરૂભાઈ નાયક | ,, | ગડત |
| ૬૩ | શ્રી મુકુન્દભાઈ કમળાશંકર નાયક | ,, | ગડત |
| ૬૪ | શ્રી ધીરૂભાઈ છીબાભાઈ હળપતિ | ,, | ગડત |
| ૬૫ | શ્રી કીકુભાઈ જીવણજી મિસ્ત્રી | ,, | ગડત |
| ૬૬ | શ્રી કરસનભાઈ દેવજીભાઈ આહિર | ,, | ગડત |
| ૬૭ | શ્રી રમણભાઈ જગજીવનદાસ મિસ્ત્રી | ,, | ગડત |
| ૬૮ | શ્રી સુનીલકુમાર ઠાકોરભાઈ નાયક | ,, | ગડત |
| ૬૯ | શ્રીમતી મીનાબેન અમ્રતભાઈ મિસ્ત્રી | ,, | ગડત |
| ૭૦ | શ્રી દિપકભાઈ મણિભાઈ નાયક | ,, | ગડત |
| ૭૧ | શ્રી ચંદ્રકાંતભાઈ રવજીભાઈ પટેલ | ,, | ગડત |
| ૭૨ | શ્રી પરસોત્તમભાઈ મગનલાલ મિસ્ત્રી | ,, | ગડત |
| ૭૩ | શ્રી અરૂણકુમાર રણછોડજી નાયક | ,, | ગડત |
| ૭૪ | શ્રી દિનેશચંદ્ર મગનલાલ નાયક | ,, | ગડત |
| ૭૫ | શ્રી ભરતભાઈ ઈશ્વરલાલ નાયક | ,, | માણેકપોર |
| ૭૬ | શ્રી અમ્રતભાઈ મણિભાઈ નાયક | ,, | માણેકપોર |
| ૭૭ | શ્રી ગિરિશભાઈ મગનલાલ નાયક | ,, | વેગામ |
| ૭૮ | શ્રી પ્રેમાભાઈ વસનજી પટેલ | ,, | વેગામ |
| ૭૯ | શ્રી બાલુભાઈ પરસોત્તમભાઈ પટેલ | ,, | પીંજરા |
| ૮૦ | શ્રી રણછોડભાઈ પરભુભાઈ પટેલ | ,, | પીંજરા |
| ૮૧ | શ્રી વિજયભાઈ રણછોડજી નાયક | ,, | ઈચ્છાપુર |
| ૮૨ | શ્રી છીબુભાઈ ઉર્ફે દયાળજી ભીખુભાઈ પટેલ | ,, | ઈચ્છાપુર |
| ૮૩ | શ્રી ભૂપેન્દ્રભાઈ બળવંતરાય નાયક | ,, | સાલેજ |
| ૮૪ | શ્રી મુકુન્દભાઈ ભીખુભાઈ નાયક | ,, | સાલેજ |
| ૮૫ | શ્રી હિતેષભાઈ ભૂપતભાઈ નાયક | ,, | સોનવાડી |
| ૮૬ | શ્રી અશોકભાઈ મણિભાઈ નાયક | ,, | સોનવાડી |
| ૮૭ | શ્રી કિશોરભાઈ નાથુભાઈ નાયક | ,, | ખખવાડા |
| ૮૮ | શ્રી રમણભાઈ હરિભાઈ પટેલ | ,, | ખખવાડા |
| ૮૯ | શ્રી કીકુભાઈ ઝીણાભાઈ પટેલ | ,, | ગડત |
| ૯૦ | શ્રી વિજયકુમાર જશવંરાય નાયક | ,, | ગડત |

# શ્રી કામેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ

**ગડત, તા.ગણદેવી, જી.નવસારી**

અજોડ અનુપમ, નૂતન, ભવ્ય એવા શિવાલય સંકુલ વિષયક તમામ મિલ્કતની વ્યવસ્થિત, કાળજીપૂર્વકની જાળવણી તથા ભાવિમાં કોઈ શૂન્યાવકાશ ન સર્જાય તથા જનજાગૃતિની આસ્થાનુ કેન્દ્ર જીવંત બની રહે એ માટે ગડત ગામની ભાવિક જનતા દ્વારા ''શ્રી કામેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ'' ની રચના ટ્રસ્ટના બંધારણીય નિયમાનુસાર સર્વાનુમતે વિશ્વસનીય, નિષ્ઠાવાન સભ્યોની નીચે પ્રમાણે નિયુક્તિ કરવામાં આવી.



શ્રી પ્રેમાભાઈ એલ. પટેલ
પ્રમુખશ્રી
મુ.પો.ગડત,તા.ગણદેવી,જી.નવસારી
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૬૩૬૬



શ્રી હિતેન્દ્રભાઈ કે. મિસ્ત્રી
ઉપપ્રમુખશ્રી
મુ.પો.ગડત,તા.ગણદેવી,જી.નવસારી
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૬૦૧૯
મો. ૯૮૨૫૧ ૨૯૭૨૨



શ્રી નરેન્દ્રભાઈ એમ. નાયક
મંત્રીશ્રી
૧૯, વિદ્યાકુંજ સોસાયટી,
જમશેદજી ટાટા માર્ગ, નવસારી
ફોન (રે) ૦૨૬૩૭-૨૫૧૨૮૬
મો. ૯૮૨૫૮ ૭૯૭૨૨



શ્રી ઈશ્વરભાઈ એન. નાયક
ખજાનચી
મુ.પો.ગડત,તા.ગણદેવી,જી.નવસારી
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૬૭૪૦
મો. ૯૪૨૭૧ ૮૯૩૨૪



શ્રી મહેશભાઈ આર. પટેલ
ટ્રસ્ટી
મુ.પો.ગડત,તા.ગણદેવી,જી.નવસારી
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૬૭૭૦
મો. ૯૮૭૯૨ ૩૯૦૨૯



શ્રી ખુશાલભાઈ જે. મિસ્ત્રી
ટ્રસ્ટી
મુ.પો.ગડત,તા.ગણદેવી,જી.નવસારી
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૬૧૨૩



શ્રી પ્રિયવદનભાઈ ટી. વૈદ્ય
ટ્રસ્ટી
મુ.પો.ગડત,તા.ગણદેવી,જી.નવસારી
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૬૦૮૧
મો.૯૮૨૪૯ ૯૩૫૩૯

**શ્રી કામેશ્વર મહાદેવ મંદિર, ગડતના જિર્ણોદ્ધારમાં અમૂલ્ય યોગદાન માટે અમો આભારી છીએ**



ડૉ. ગીરીશભાઈ જી. નાયક
પ્રમુખશ્રી
શ્રી કામેશ્વર મહાદેવ મંદિર
જીર્ણોદ્ધાર સમિતિ, ગડત
ફોન (રે) ૦૨૬૩૪-૨૬૨૪૭૦



શ્રી નરેન્દ્રભાઈ એમ. નાયક
ઉપપ્રમુખશ્રી
શ્રી કામેશ્વર મહાદેવ મંદિર
જીર્ણોદ્ધાર સમિતિ, ગડત અને
ટ્રસ્ટ ફાઉન્ડર શ્રી,
૧૯, વિદ્યાકુંજ સોસાયટી,
જમશેદજી ટાટા માર્ગ, નવસારી
ફોન (રે) ૦૨૬૩૭-૨૫૧૨૮૬
મો. ૯૮૨૫૮ ૭૯૭૨૨